# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 26-08-2024** **Midday : 2.30 to 2.35**

**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **યશ્વી મહેતા** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# CM WEATHER WATCH

રાજ્યના અનેક ભાગોમાં ભારે વરસાદની સ્થિતિને જોતા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સ્ટેટ ઇમરજન્સિ ઑપરેશન સેન્ટર પહોંચ્યા હતા. તેમની સાથે મુખ્ય સચિવ રાજ કુમાર, મહેસૂલ, માર્ગ અ મકાન સહિતના અન્ય વિભાગના અધિકારીઓ, જિલ્લા કલેક્ટર અને પ્રભારીઓ વીડિયો કોન્ફરેન્સથી જોડાશે. આ ઉપરાંત હવામન વિભાગ, એનડીઆરએફ, કોસ્ટગાર્ડના અધિકારીઓ તેમજ રાજ્યના પોલીસ વડા ઉપસ્થિત રહ્યા હતા.

ઉલ્લેખનીય છે કે, હવામાન વિભાગે આજના દિવસ દરમિયાન ઉત્તર ગુજરાત, ગીર સોમનાથ અને પોરબંદર જીલ્લા સિવાયના તમામ જીલ્લાઓ અને દાદરાનગર હવેલીમાં અતિભારે વરસાદની શક્યતાને જોતા રેડ એલર્ટ જાહેર કર્યું છે... આ તરફ ગીર સોમનાથ, પોરબંદર અને ઉત્તર ગુજરાતમાં ભારે વરસાદને જોતા ઑરેન્જ અલર્ટ જાહેર કરાયું છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે રાજ્યમાં વરસાદની સ્થિતિને લઈને મુખ્યમંત્રી સાથે ટેલિફોનિક વાતચીત કરી, સ્થિતિનો તાગ મેળવીને શક્ય તમામ સહાયની બાહેંધરી આપી હતી.

રાજ્યમાં આજે સવારે પૂરા થતા 24 કલાક દરમિયાન 244 તાલુકાઓમાં વરસાદ નોંધાયો હતો. સ્ટેટ ઇમરજન્સી રિસ્પોન્સ સેન્ટર દ્વારા જાહેર કરાયેલા આંકડા અનુસાર રાજ્યમાં અત્યાર સુધીમાં 89 ટકા વરસાદ વરસી ચૂક્યો છે.. ભારે વરસાદને પગલે સરદાર સરોવર ડેમ લગભગ 89 ટકા જેટલો ભરાઇ ગયો છે. જ્યારે રાજ્યના 72 ડેમ હાઇએલર્ટ પર છે.. માછીમારોને 26થી 29 ઓગષ્ટ દરમિયાન દરિયો ન ખેડવા ચેતવણી આપવામા આવી છે..

# RAIN- DAM STITHI

રાજ્યમાં પડી રહેલા ભારે વરસાદને કારણે રાજ્યના તમામ ડેમોમાં પાણીની ભરપૂર આવક થઇ રહી છે.

સરદાર સરોવર ડેમમાંથી 3.45 લાખ ક્યુસેક પાણી છોડાતા ભરૂચમાં નર્મદા નદીના જળસ્તરમાં વધારો થયો છે.

ઉપરવાસમાં થઇ રહેલા ભારે વરસાદને કારણે ઉકાઈ ડેમના 15 દરવાજા ખોલી બે લાખ 47 હજાર 363 ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. પ્રકાશા ડેમમાંથી હાલ 1 લાખ 53 હજાર 832 ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે... સત્તાવાળાઓએ તાપી નદી બે કાંઠે વહેતી થતા નદીના પટમાં રહેતા ગામોને સાવધ કર્યા છે.

ઉપરવાસમાં સારા વરસાદના પગલે ધરોઈ ડેમમાં હાલ 6 હજાર 111 ક્યુસેક પાણીની આવક થઈ રહી છે.

મહીસાગર જીલ્લાનો કડાણા ડેમ હાલ 60 ટકા ભરાયો છે. જ્યારે ભાદર ડેમમાં પણ પાણીની ભરપૂર આવકને લઈ જળસ્તરમાં 10 ફૂટનો વધારો નોંધાયો છે.

ગાંધીનગર સાબરમતી નદી પર આવેલ સરોવરના ત્રણ દરવાજા ખોલીને પાણી છોડવામાં આવ્યું છે.

છોટા ઉદેપુર જીલ્લામાં આવેલો રામી ડેમ 100 ટકા ભરાયો છે. તંત્ર દ્વારા નીચાણવાળા ગામોને એલર્ટ કરવામાં આવ્યા છે.

# GUJ. RAIN

દક્ષિણ, મધ્ય ગુજરાત સહિત સૌરાષ્ટ્ર અને કચ્છમાં ભારે આજે વરસાદ વરસી રહ્યો છે.

નવસારી જિલ્લાની અંબિકા નદી તેની ભયજનક સપાટીથી ઉપર વહી રહી છે.. નવસારી જિલ્લા વહીવટી તંત્રે નદીની આસપાસના વિસ્તારોમાં રહેતા

લોકોને વહીવટી તંત્રના સંકલનમાં રહેવા સૂચના આપી છે. જિલ્લામાં અતિવૃષ્ટિના કારણે 3 સ્ટેટ હાઇવે, જિલ્લાના 6 મુખ્યમાર્ગ અને પંચાયતના 110 રસ્તાઓ બંધ કરાયા છે. આ ઉપરાંત નાગરિકો માટે ટોલ ફ્રી નંબર ૧૦૭૭ તથા નવસારી જિલ્લાનો હેલ્પલાઇન નંબર ૦૨૬૩૭-૨૩૩૦૦૨/૨૫૯૪૦૧ ઉપર સંપર્ક કરવા અનુરોધ કરાયો છે.

તો ભરૂચ જીલ્લામાં પણ સાર્વત્રિક વરસાદ નોંધાયો છે. ભરૂચમાં નર્મદા નદીની સપાટી ૨૩.૬૧ ફુટ પર પહોંચી છે. કાંઠા વિસ્તારોના ૪૮ ગામોને એલર્ટ કરવામાં આવ્યા છે. અંકલેશ્વરના ગ્રામ્ય વિસ્તારોમાંથી પસાર થતી અમરાવતી નદીએ પણ તેની ભયજનક સપાટી વટાવી છે.

તાપી જિલ્લામાં અવિરત વરસી રહેલા વરસાદને કારણે પૂર્ણા નદી બે કાંઠે વહી રહી છે. પુર્ણા નદીના કિનારે આવેલ આંબાપાણી ઈકો ટુરિઝમ બંધ કરવામાં આવ્યું છે. જીલ્લા તંત્ર દ્વારા લોકોને નદીમાં માછીમારી કે કોઈપણ કામ અર્થે ન જવા માટે અપીલ કરાઇ છે..

ઉપરવાસમાં ભારે વરસાદને કારણે સુરતની કિમ નદી ગાંડીતુર બની છે. સ્થાનિક તંત્રએ તલાટીઓને સ્ટેન્ડ બાય રહેવા સૂચના આપી છે..

સુરેન્દ્રનગર જિલ્લામાં આજે સવાર સુધીમાં મૂળી અને ચોટીલા તાલુકામાં આઠ ઇંચ વરસાદ વરસ્યો છે. તો ભારે વરસાદને પગલે ધ્રાંગધ્રાનો જન્માષ્ટમીનો લોકમેળો બંધ રાખવા નિર્ણય લેવામાં આવ્યો છે.. સુરેન્દ્રનગર અને વઢવાણનાં લોકમેળામાં પણ સલામતીને ધ્યાનમાં રાખીને તમામ રાઇડ્સ બંધ રાખવા નિર્ણય લેવાયો છે. સરા અને ધ્રાંગધ્રા વચ્ચે નદીમાં ફસાયેલા બે વ્યકિતને રેસક્યું કરી સલામત બહાર કાઢવામાં આવ્યા છે.

દ્વારકા જિલ્લાના ખંભાળિયામાં ભારે વરસાદ વરસી રહ્યો છે. સાથે દ્વારકાના આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં પણ વરસાદ વરસ્યાના અહેવાલ છે.

મહીસાગર જિલ્લામાં રાત્રી દરમીયાન સંતરામપુર તાલુકામાં 8 ઈંચ વરસાદ ખાબક્યો.. વિરપુર તાલુકામાં અનરાધાર વરસાદથી તારાજી સર્જાઇ છે. સંતરામપુર- લુણાવાડા હાઇવે હાલ બંધ કરાયો છે. સંતરામપુરની ચીબોટા અને સુખી નદી બે કાંઠે વહેતી થઇ છે. લાવરી નદીમાં પુર આવતા 5 ગામો સંપર્ક વિહોણા બન્યા છે. તો જીલ્લામાં વરસાદને કારણે પાંચ પશુઓના મોત નિપજ્યાં છે.

મહેસાણા અને વલસાડ જીલ્લામાં પણ વરસાદ વરસ્યો..

તો કચ્છ, છોટા ઉદેપુર, પંચમહાલ અને અરવલ્લીના માલપુર પંથકમાં ધોધમાર વરસાદ વરસ્યો હોવાના અહેવાલ છે...

તો મોરબી જિલ્લાના ટંકારા, માળિયા, હળવદ સહિતના તાલુકાઓમાં હળવોથી ભારે વરસાદ વરસ્યો..

તો બીજી તરફ, અમદાવાદ શહેરમાં પણ ગઇકાલ રાતથી સતત વરસાદ વરસવાના કારણે કેટલાક વિસ્તારમાં પાણી ભરાયા હતા.

## DWARKA- JANMASHTAMI UPDATE

તો રાજ્યમાં કૃષ્ણ જન્મ પર્વ જન્માષ્ટમીનો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ભારે વરસાદ હોવા છતાં દ્વારકા કૃષ્ણ મંદિર ખાતે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટ્યા છે. આ વિશે વધુ માહિતી આપી રહ્યા છે અમારા પ્રતિનિધિ કરણ જોશી...

**(બાઇટ- કરણ જોષી)**

## RAJKOT SCIENCE OLYMPIAD

રાજકોટના 11 વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થી રુદ્ર પેઠાણીએ ચીનમાં આયોજીત આંતરરાષ્ટ્રીય પૃથ્વી વિજ્ઞાન ઓલિમ્પિયાડમાં સુવર્ણ, રજત અને કાંસ્ય ચંદ્રક

જીતીને ગુજરાત અને દેશનું ગૌરવ વધાર્યું છે. આ વર્ષે સમગ્ર દેશમાંથી અંદાજે 14 હજાર જેટલા વિદ્યાર્થીઓએ વિજ્ઞાન ઓલિમ્પિયાડ સ્પર્ધામાં ભાગ લીધો હતો, જેમાંથી માત્ર 4 વિદ્યાર્થીઓને આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિયાડ માટે પસંદગી કરાઈ હતી. રુદ્ર પેઠાણી જણાવે છે કે ઓલિમ્પિયાડ માટે તેમણે મહિનાઓ પહેલાથી તૈયારી કરી હતી.

**BYTE – રુદ્ર પેઠાણી, ઓલિમ્પિયાડમાં ચંદ્રક વિજેતા વિદ્યાર્થી**